**સેશન્સ કેસ નંબર–૫૪/૨૦૧૮**

**–: આંક (૧) લગત હુકમ :–**

સદર ગુન્હાના કામે **આરોપી નંબર(૨)મહિપતસિંહ ભાવુભા જાડેજા** રહે. રીબડા, તાલુકો–ગોંડલ, જીલ્લો–રાજકોટનાઓ મરણ પામેલા છે તેવુ આરોપીના વિ. વકીલશ્રી પી.એચ. રાવલનાએ પુરશીસ થી જાહેર કરેલુ છે. જે પુરશીસ **આંક–૩૩** થી રજુ છે. સદર પુરશીસ સાથે મરણનો દાખલો રજુ કરવામાં આવેલ છે. જે **નિશાની–૩૩/૧** થી રજુ છે. આમ હાલના **આરોપી નંબર (૨)મહિપતસિંહ ભાવુભા જાડેજા**નું અવસાન ગઈ **તારીખ–૦૧/૦૨/૨૦૨૩** ના રોજ થયેલુ હોય અને તે અંગે મરણનો દાખલો જે તલાટી કમ–મંત્રી, ગ્રામ પંચાયત–રીબડાનાઓ દ્વારા **પ્રમાણપત્ર નંબર–D202310044438** થી તારીખ–૦૧/૦૨/૨૦૨૩ ના રોજ કાઢવામાં આવેલ છે. આમ, સદર ગુન્હાના કામે ઉપરોકત નામવાળા આરોપીનું ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન થયેલુ હોય આરોપી નંબર **(૨)મહિપતસિંહ ભાવુભા જાડેજા** રહે. રીબડા, તાલુકો–ગોંડલ, જીલ્લો–રાજકોટનાઓ પુરતો જ કેસ **"અબેટ"** કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ગુન્હાના કામના અન્ય સહ આરોપી નંબર (૧) અરવિંદભાઈ વેલજીભાઈ રાજાણી રહે. રીબડા તાલુકો–ગોંડલ જી.રાજકોટનાઓની વિરુધ્ધ સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

**ગોંડલ**

**તારીખ–૦૪.૦૨.૨૦૨૩**

**[વિરલ હેમરાજભાઈ પટેલ]**
૧૨ માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ
સેશન્સ જજ, ગોંડલ